**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૩ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૫૬ ટકા

# કોરોનાની ત્રીજી લહેરથી બજારોમાં ઘરાકી ઘટી

## ખાણી-પીણી, હોટલ-રેસ્ટોરન્ટસ, કાપડની દુકાનો સહિત વેપાર ધંધામાં મંદી



●●●

કોરોનાના કેસમાં વધારો થવાથી રેગ્યુલર કરતાં ગ્રાહકોની સંખ્યામાં ઘટાડો થયો છે. લગભગ ૩૦ ટકા જેટલો મંદીનો માહોલ ચાલી રહ્યો છે. કોરોનાની સીધી અસર ખાણી પીણી બજારોમાં પડી રહી છે.

**- કુણાલ વ્યાસ (પૂજા પાર્લર)**

●●●

અમારે કપડાની દુકાનમાં લગ્નસરાની મોસમ હોવા છતાં ગ્રાહકોની ગેરહાજરી વર્તાઈ રહી છે. કોરોનાનો ભય હોવાથી અમારે ધંધામાં ૫૦ ટકા મંદી ચાલી રહી છે. તહેવારોમાં કાપડ બજારો માંડ પાટે ચઢયા હતા પરંતુ ફરીથી આર્થિક રીતે ખોટ ખાવાનો વારો આવ્યો છે. દુકાનના ભાડા ભરવાના વેપારીઓનો પગાર આપવો મોંઘુ બની રહ્યું છે. ઝડપથી કોરોના મટી જાય તેવી આશા રાખીએ છીએ.

**- મયંકભાઈ (અરુણોદય ગારમેન્ટસ)**

●●●

અમારે સાડીઓની દુકાન છે. દિવાળી જેવા તહેવારોમાં ખૂબ સારો ધંધો ચાલ્યો પરંતુ કોરોના અને ઓમિક્રોન વધવાથી ૩૦ ટકા જેવો મંદીનો માહોલ છે. લગ્નસરા માટે બહેનો સાડીઓની ખરીદી માત્ર જરૂરિયાત મુજબ ઓછી માત્રામાં કરે છે તેથી લગ્નસિઝનમાં પણ અમારી દુકાનમાં ગ્રાહકો જોવા મળી રહ્યા નથી.

**- અશોકભાઈ (અલબેલી સાડી)**

●●●

કોરોનાની પહેલી અને બીજી લહેરમાં જેટલી મંદી નહોતી નડી તેટલી ત્રીજી લહેરમાં મંદી થઈ છે. શહેરીજનો જાણે હોટલો ભૂલી જ ગયા હોય તેવી પરિસ્થિતિ છે. ૬.૩૦ થી રેસ્ટોરન્ટ ચાલુ થાય ત્યારથી રાત્રે ૧૦ વાગ્યા સુધી માંડ ૧૫ થી ૨૦ ગ્રાહકો આવે છે. ૮૨ માણસોના સીટીંગમાં ૪ કલાકમાં માત્ર ૧૫.૨૦ ગ્રાહકો આવે છે તેથી સૌથી વધુ ખોટ ત્રીજી લહેરમાં જોવા મળી રહી છે. કોરોના ગાઈડલાઈનના કારણે સ્ટાફ પણ ઓછો કરી દીધો છે. ઓનલાઈન પણ ઓર્ડરો મળી રહ્યા નથી.

**- નજરભાઈ મુખી (દાદીસા રેસ્ટોરન્ટ)**

●●●

કોરોનાના કેસ વધવાથી રેસ્ટોરન્ટમાં માત્ર ગણ્યા ગાંઠયા જ ગ્રાહકો આવે છે. ૩૦ ટકા જેવો મંદીનો માહોલ છે. ગ્રાહકો ઓનલાઈન પણ ઓર્ડર કરતાં બંધ થઈ ગયા છે. ૮૦ માણસોના સીટીંગ હોલમાં દરરોજના ૧૦-૧૫ જેટલા માણસો આવી રહ્યા છે. મહિને ૫૦૦૦૦ની કમાણી થતી હોય ત્યારે માત્ર ૧૫૦૦૦ની કમાણી થવાની પરિસ્થતિ છે.

**- તરંગ પટેલ (ગ્રીન એપલ રેસ્ટોરન્ટ)**

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં કોરોના અને ઓમિક્રોનના કેસો ઝડથી વધી રહ્યા છે. આવા સંજોગોમાં રોગચાળાની દહેશતની સીધી અસર શહેરના બજારોમાં જોવા મળી રહી છે. ખાણીપીણી બજારો, કાપડની દુકાનો, હોટલ રેસ્ટોરન્ટસમાં કોરોનાની સીધી અસર વર્તાય છે. આ તમામ વ્યવસાયમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરના બજારોમાં શહેરીજનોની અવરજવર થઈ રહી છે પરંતુ દુકાનોમાં મંદીનો માહોલ છે.

ઉત્તરાયણ બાદ લગ્નસરાની મોસમ ચાલુ હોવાથી કાપડની દુકાનોમાં નોંધપાત્ર ગ્રાહકો ખરીદી માટે જઈ રહ્યા છે જયારે બાકીના વેપાર-ધંધા ફૂલ મંદીમાં જોવા મળી રહ્યા છે. ખાણી-પીણીની દુકાનોમાં શહેરીજનો જઈ રહ્યા છે પરંતુ દરરોજ કરતા તેમાં પણ૩૦ ટકા ગ્રાહકો ઓછા થઈ ગયા છે એટલે કે કોરોનાના કેસો વધવાથી શહેરીજનોમાં પણ ભયનો માહોલ છવાઈ ગયો છે.

શહેરમાં કોરોનાની બીજી લહેર મંદ પડતા ધંધા રોજગાર સારી રીતે ચાલી રહ્યા હતા જેમાં ત્રીજી લહેરની ઘૂસણખોરી થતા ફરીથી ધંધા રોજગારમાં અસર પડી છે. નાના વેપારીઓને મંદીનો માહોલ સહન કરવો અઘરું બની રહ્યું છે જયારે મોટા વેપારીઓને પણ મંદીનો માર સહન કરવાનો વારો આવ્યો છે. શહેરના તમામ ધંધાર્થીઓ વર્તમાન કોરોનાની ત્રીજી લહેરના કારણે મુશ્કેલીમાં મુકાયા છે. એક બાજુ લગ્નસરાની મોસમ ચાલી રહી છે તેમ છતાં બજારોમાં તેનો માહોલ જોવા મળી રહ્યો નથી. સેકટર-૨૧માં શાકમાર્કેટના કારણે મોટા પાયે ભીડ જોવા મળે છે બાકી વેપારીઓના કહેવા મુજબ દુકાનોમાં તો ગ્રાહકો આવતા જ નથી. તેથી દુકાનદારો પોતાની દુકાનોમાં મોબાઈલ મચડતા જોવા મળી રહ્યા છે. ઘણા દુકાનદારો તો પોતાની દુકાનો ખોલતા જ નથી. સેકટર-૨૧માં ઘણીબધી દુકાનો બંધ હાલતમાં જોવા મળી રહી છે. શહેરના દુકાનદારો અને વેપારીઓના જણાવ્યા મુજબ કોરોનાના કેસો વધવાથી ગ્રાહકોની સંખ્યા ખૂબ ઓછી થઈ ગઈ છે.

## જે.એમ. ચૌધરીના આદ્યસ્થાપકની ૨૨મી પુણ્યતિથી નિમિત્તે સ્મરણાંજલિ



ગાંધીનગર, તા. ૨૦

જીવણભાઈ માધાભાઈ ચૌધરીની ૨૨મી પુણ્યતિથિ નિમિત્તે સ્મરણાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. તેમની કરેલ તમામ પ્રવૃત્તિઓને બિરદાવી તેમનો અદમ્ય ઉત્સાહ કન્યા કેળવણીનું સપનું સાકાર કરનાર શેઠની દિલેર વૃત્તિની સરાહના કરવામાં આવી હતી તથા ઉમદા કાર્યોને વધાવ્યા તેમજ તેમની ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ચૌધરી સમાજના આગેવાન દિવ્ય દૃષ્ટાને શત શત પ્રણામ કરવા સમાજના શ્રેષ્ટિઓ હાજર રહ્યા હતા.

## ગીત-વાર્તા-રમતો અનેરમકડાં બાળવિકાસના શ્રેષ્ઠ માધ્યમ : હર્ષદભાઈ શાહ

ગાંધીનગર, તા.૨૦

એન.સી.ઈ.આર.ટી. દ્વારા તા. ૨૦ તથા ૨૧ જાન્યુઆરીના રોજ 'ટૉય એન્ડ ગેમ્સ ટુ પ્લે, મેક એન્ડ લર્ન' પર આંતરરાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે બીજરૂપ વક્તવ્યમાં જણાવ્યું હતું કે, ગીત-વાર્તા-રમતો અને રમકડાં એ બાળકોના વિકાસ માટેનાં શ્રેષ્ઠ માધ્યમ છે. કુલપતિશ્રીએ કહ્યું હતું કે, સમગ્ર દેશમાં સૌથી પહેલા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૨૦માં ટૉય ઈનોવેશન વિભાગ શરૂ કરવામાં આવ્યો હતો. જેમાં ટૉય ઈનોવેશન, ડિઝાઈનિંગ સહિતની કામગીરી હાલ ચાલે છે. યુનિવર્સિટીમાં ટૉય હાઉસ બન્યું છે. જેમાં ૩ વર્ષથી લઈને ૭૦ વર્ષ સુધીના લોકો માટે ૪૫૦થી વધુ રમતો છે. દુનિયાભરમાં રમકડાંના માર્કેટ સામે ભારતની સ્થિતિ રજૂ કરતાં તેમણે કહ્યું હતું કે, દુનિયામાં રમકડાનું માર્કેટ વાર્ષિક આશરે ૯ લાખ કરોડ રૂપિયાથી વધુનું છે. તેની સામે ભારતનો હિસ્સો માત્ર ૧૧ હજાર કરોડ છે. જે સમગ્ર વિશ્વના ૧.૧૫ ટકા જેટલો પણ માંડ થાય છે. તેમણે કહ્યું હતું કે, ભારતમાં રમકડાં ઉત્પાદનના ૪૦૦૦ જેટલા યુનિટ છે. જે મોટા ભાગના અસંગઠિત છે. આથી રમકડાં ઉદ્યોગને પ્રોત્સાહન આપવું જોઈએ. કુલપતિશ્રીએ બાળવિકાસ પર રમકડાંનો પ્રભાવ દર્શાવતાં કહ્યું હતું કે, રમકડાંથી રમતાં રમતાં બાળકોમાં સંગઠનભાવ, દેખભાળના ગુણ વિકસે છે, નિર્ણય લેવાની ક્ષમતા વધે છે. સમસ્યાઉકેલ માટેની નવી રચનાત્મક પદ્ધતિઓ તેઓ શીખે છે. રમતમાં હારને પચાવતાં શીખે છે અને જીતવાનો જુસ્સો પણ કેળવાય છે. બાળકો રમકડાંના માધ્યમથી ગણિત, વિજ્ઞાન, ઐતિહાસિક વારસો, એસ્ટ્રોફિઝિક્સ સહિતના અનેક વિષયોનું જ્ઞાન મેળવી શકે છે. બાળકોની તાર્કિક ક્ષમતા, ગ્રહણશીલતા, અવલોકનશક્તિ વધે છે. રમકડાંથી બાળકોને મોબાઈલના વળગણ-આદતથી દૂર રાખી શકાય, અનૌપચારિક શિક્ષણ આપી શકાય છે. આ વેબિનારમાં એન.સી.ઈ.આર.ટી.ના ડાઈરેક્ટર પ્રો. શ્રીધર વાસ્તવ, કેન્દ્ર સરકારના રાજયકક્ષાના શિક્ષણમંત્રી પ્રો. રાજકુમાર રંજનસિંઘ, કેન્દ્રના સ્કૂલ એજ્યુકેશન અને લિટરસીના સેક્રેટરી અનિતા કરવલ સહિત દેશભરમાંથી અનેક વિદ્વાનો જોડાયા હતા.



ગાંધીનગર નગરપાલિકા દ્વારા યોજાયેલ સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૨ અન્વયે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં પ્રાથમિક વિભાગમાં ભવ્ય ચેતનભાઈ પ્રજાપતિ પ્રથમ વિજેતા થયા હતા જેમને રોકડ પુરસ્કાર ૮૦૦૦થી સન્માનિત કરાયા હતા. આવા બાળ ચિત્રકારને ડેપ્યુ. મેયર પ્રેમલસિંહ ગોલ તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જશુભાઈ પટેલે અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

## એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમમાં હેન્ડ હાઈજિન એક્ટિવિટી




ગાંધીનગર, તા. ૨૦

એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં હેન્ડ હાઈચિંગ એક્ટિવિટીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને હેન્ડ હાઈજિંગ ક્યારે, ક્યાં અને કેમ કરવામાં આવે છે તેનાં લગતા પોસ્ટરો બનાવીને બાળકોને હેન્ડ હાઈજિંગ વિશેનું મહત્વ સમજાવ્યુ હતુ.

## સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૨માં હિલવુડ્સ સ્કૂલ પ્રથમ ક્રમાંકે



ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૨માં હિલવૂડ્સ સ્કૂલને ગ્રીન અને ક્લીન સ્કૂલ કેટેગરીમાં પ્રથમ ક્રમ મળ્યો છે. હિલવૂડ્સ સ્કૂલને મેયર હિતેષભાઈ મકવાણાના હસ્તે પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

## આર.એન. પટેલ સ્કૂલમાં દીવાસણીમાંથી વસ્તુઓ બનાવવાની પ્રવૃત્તિ



ગાંધીનગર, તા. ૨૦

આર.એન. પટેલ સ્કૂલમાં ધોરણ-૧ અને ધોરણ-૨માં દીવાસણીનો ઉપયોગ કરી વિવિધ વસ્તુઓ બનાવવાની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ દીવાસણીનો ઉપયોગ કરી ઘર, ફોટોફ્રેમ, આલ્ફાબેટ, ઘડિયાળ જેવી ખૂબ જ સુંદર વસ્તુઓ બનાવી હતી. આ પ્રવૃત્તિ નિમિષાબેન પટેલ દ્વારા કરાવવામાં આવી હતી.




કોરોનાના કેસો વધતા શહેરમાં અને જિલ્લામાં ધન્વંતરી રથની સેવા શરૂ કરવામાં આવી છે. સેકટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં સેવા આપતા ધન્વતરી રથની મેયર હિતેશ મકવાણાએ ઓચિંતી મુલાકાત લઈ આરોગ્ય સેવાઓ વધુ સુદૃઢ બનાવવા તાકિદ કરી હતી.

# સે-૨૧માં ફ્લોરિંગનું કામ અધૂરું મુકી દેવાતાં વેપારીઓમાં આક્રોશ

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં વિકાસ કાર્યો પૂરજોશમાં ચાલુ થવાની સાથે સાથે અધૂરા છોડી દેવામાં આવી રહ્યા છે. એટલે કે વિકાસના નામે કાર્યો શરૂ તો થાય છે પરંતુ વિવિધ કારણોસર તે કાર્યો પૂર્ણ થઈ રહ્યા નથી. શહેરમાં સેકટર-૨૧ માર્કેટમાં ચારે બાજુ નવીનીકરણ માટેના કામો કરવામાં આવી રહ્યા છે. ત્યારે વૃંદાવન શોપિંગ સેન્ટરવાળા વિસ્તારમાં તોડમફોડ કરવામાં આવી હતી. જેમાં કામદારો અને એજન્સીવાળાઓ વચ્ચે કોઈ કારણોસર માથાકૂટ થવાના કારણે તે કામગીરી અધૂરી મુકી દેવાઈ છે. ફ્લોરિંગના કામ માટે આ વિસ્તારમાં કામ શરૂ કરવામાં આવ્યું હતું પરંતુ ઘણા દિવસોથી અંદરોઅંદર ઝઘડા થવાથી કોઈ કામદારો આ વિસ્તારમાં જોવા મળી રહ્યા નથી. તેથી ઠેર ઠેર ટાઈલ્સો તોડેલી હાલતમાં જોવા મળી રહી છે.

ફ્લોરિંગની કામગીરી અધૂરી હાલતમાં છોડી દેતા આ વિસ્તારમાં અવરજવર માટે મુશ્કેલીઓ પડી રહી છે. મોટા મોટા પથ્થરો અને ખાડાઓના કારણે ગ્રાહકો પણ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે તેથી આ વિસ્તારમાં અવરજવર કરવાનું બધા ટાળી રહ્યા છે. ઉબડખાબડ રસ્તાઓની માફક આ વિસ્તારની હાલત થઈ ગઈ છે. દુકાનદારોમાં પણ ભારે રોષ વર્તાયો છે. આ બાબતે ગાંધીનગર કોર્પોરેશનમાં વેપારીઓ દ્વારા ફરિયાદો કરવામાં આવી છે તેમ છતાં કોઈ નિરાકરણ આવ્યુંનથી. કોરોનાના કારણે




ગ્રાહકોની સંખ્યા આમ પણ ઓછી જોવા મળે છે. જેમાં આ બીજી સમસ્યા નડી રહી છે. તેથી આજુબાજુના દુકાનદારોને કોઈ ઘરાકી પણ થતી નથી. છેલ્લા ચાર પાંચ દિવસથી વેપારીઓ જવાબદાર તંત્રને ફરિયાદો કરીને જણાવી રહ્યા છે જેમ બને તેમ આ ફ્લોરિંગની કામગીરી આટોપી લેવાય પરંતુ તંત્ર દ્વારા પણ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

વર્તમાન પરિસ્થિતિમાં મોંઘવારી અને આર્થિક તંગીમાં દુકાનદારો મુશ્કેલીમાં મુકાયા છે. દુકાનોમાં ઘરાકીનો માહોલ ન થવાથી ઘણી બધી દુકાનો બંધ હાલતમાં જોવા મળી રહી છે જયારે ચાલુ દુકાનોમાં માત્ર વેપારીઓ જ જોવા મળે છે. માર્કેટમાં પાર્કીંગની દિવાલો અને મનફાવે તેમ બાંધકામ થવાથી સેકટર-૨૧ની દુકાનો પણ અંદરની બાજુ ઢંકાઈ ગઈ છે. પહેલાની જેમ ખુલ્લી જગ્યાઓ હતી ત્યારે વેપારીઓને વગર પ્રમોશને ગ્રાહકોની સંખ્યા મળી રહેતી હતી. સેકટર-૨૧ શોપિંગ સેન્ટરના નવીનીકરણમાં વેપારીઓની સહમતી વગર જ નવીનતમ બાંધકામ કાર્યો થઈ રહ્યા છે. ઘણા વેપારીઓએ રોષ વ્યકત કર્યો હોવા છતાં તેમનું કોઈ સાંભળતું નથી.

કોરોનાની પહેલી અને બીજી લહેર બાદ હવે ત્રીજી લહેર પણ દુકાનદારો માટે મુશ્કેલીરૂપ બની છે. માંડ માંડ વેપારીઓ પોતાનો ધંધો પાટે ચઢાવી રહ્યા હતા અને કોરોનાના કેસો એકાએક વધવાથી શહેરીજનોમાં ભયનો માહોલ છવાતા ખરીદીમાં ઘટાડો થઈ ગયો છે તેથી વેપારીવર્ગ આર્થિક રીતે મુશ્કેલીમાં મુકાઈ ગયો છે. તેવામાં આ પરિસ્થિતિનું કોઈ નિરાકરણ ન આવતા વેપારીઓ વધારે રોષમાં જોવા મળી રહ્યા છે. તંત્ર દ્વારા ઝડપથી ફ્લોરિંગનું કામકાજ આટોપી લેવાય તેવી વેપારી વર્ગ માંગણી કરી રહ્યા છે.


## જન્મદિને વધામણી



ગિરીશ ઠક્કર
મો. ૯૮૯૮૫ ૯૫૫૦૭



વિશેષ સચિન ભટ્ટ



હર્ષ પરમાર
મો. ૮૩૪૭૪ ૮૨૨૨૨



રીતુ જે. પટેલ
મો. ૯૯૭૯૨ ૬૦૮૦૫



રિયાંશી જે. દાતણીયા
મો. ૯૯૭૪૮૨૧૦૨૭

## શનિવારે 'આર્ષ'નું ૯૮મું પ્રવચન જગદગુરૂ શંકરાચાર્ય વિષયે યોજાશે

ગાંધીનગરના અક્ષરધામ ખાતેથી કાર્યરત આર્ષ શોધ સંસ્થાન દ્વારા ત્રૈમાસિક પ્રવચન માળાના ૯૮મા પ્રવચનનું આગામી તા. ૨૨મી જાન્યુઆરી શનિવારે સાંજે ૫ થી ૭ દરમિયાન ઓનલાઈન આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ચ્યુઅલ પ્રવચનનો વિષય 'જગદગુરૂ શંકરાચાર્ય' છે જે અંગે આર્ષ શોધ સંસ્થાનના ગાંધીનગરના નિયામક, સર્વદર્શનાચાર્ય, વિદ્યાવારિધિ અને વિદ્યાવાચસ્પતિ સંત ડૉ. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી વકતવ્ય આપશે.

બાળપણથી જ મહાન બની ઈતિહાસ પર પોતાની અમીટ છાપ છોડી જનાર ભારતીય ધાર્મિક, આધ્યાત્મિક, દાર્શનિક અને સાંસ્કૃતિક ઈતિહાસનું મહત્વનું પાત્ર આદિ જગદગુરુ શંકરાચાર્ય. જેઓ ભક્તિની અદભૂત ઉત્કટતા ધરાવતા કવિ, અજોડ બૌધ્ધિક આધ્યાત્મશાસ્ત્રી સન્યાસી તથા ગુરૂ આદિ શંકરાચાર્ય હિન્દુત્વના પુનરૂધ્ધારક હોવા સાથે ચાર મઠોના સ્થાપક અને વિરલ વિભૂતિ હતા. ભારતીય સંસ્કૃતિના સમર્થ તત્વજ્ઞાનીના જીવનની ઝાંખી આર્ષ આયોજિત ઓનલાઈન પ્રવચનમાં મળશે. જેનો લાભ લેવા શ્રધ્ધાળુઓને આર્ષ થકી અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. વડાદરા મણીબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૭૯, સેક્ટર-૨
- સ્વ. સોલંકી ઉદાજી સોમાજી, ઉ.વ. ૮૦, ડભોડા